**ક્રમાંક-૨**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**ગુરુવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

**(૧) તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૧૪મી સપ્પ્ટેમ્બર, ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૨, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦ અને ૧૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૬, ૭, ૧૧ અને ૧૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪થી ૧૧૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧-૦૦ કલાકે પૂરો થયો.

**(૨) અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

**(૧)** ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

**(૨)** ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડના સન ૨૦૨૦-૨૧ તથા સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતા નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

**(૩)** કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલ**

**(૪)** ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

**(૫)** ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ

**માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી**

**(૬)** નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૯-૨૦ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**(૭)** ભરૂચ ખાતે આગના બનાવની તપાસ માટે નિમવામાં આવેલ જસ્ટિસ ડી.એ. મહેતા તપાસપંચનો અહેવાલ તથા એકશન ટેકન રિપોર્ટ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**(૮)** ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન તથા સન ૨૦૨૩-૨૪નું વાર્ષિક નાણાકીય પત્રક

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

(૧) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પરમારે સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**(૧)** નવા ડિજિટલ હાઉસની મુલાકાતે આવેલ મણીપુર વિધાનસભાની ટીમને ટેકનિકલ સ્ટાફ દ્વારા સંપૂર્ણ સહયોગ કરી તેમને માર્ગદર્શન પૂરું પાડવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભા ગૃહને જાણકારી આપી.

**(૨)** માનનીય અધ્યક્ષશ્રીએ મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના જન્મદિન નિમિત્તે તેમને સભાગૃહના સર્વે સભ્યો વતી શુભેચ્છા પાઠવી.

**૫. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નના જવાબમાં ભૂલ હોવા અંગે**

સભ્યશ્રી ડો.કિરીટકુમાર ચી.પટેલે તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૦૮ માં માહિતી ખોટી આપવા અંગેનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું, પરંતુ આપ આ બાબતમાં લેખિત રજૂઆત આપશો તો મંત્રીશ્રીની સ્પષ્ટતા માગવામાં આવશે.

**૬. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન**

**વિધાનસભા ગૃહની મુલાકાતે આવતાં બાળકોની સંભાળ અંગે**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિધાનસભા ગૃહની મુલાકાતે આવતાં બાળકો માટે વિશેષ પ્રકારની કાળજી લઈ તેમને સમજણ આપવા માટે બહેનો રાખવા અંગે સૂચન કરતા, માનનીય ધારાસભ્યશ્રીઓની કમિટી બનાવીને શું કરી શકાય તે દિશામાં પોઝિટિવ વિચાર કરવાનું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૭. માનનીય રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો સંકલ્પ(નિયમ-૧૨૦)**

માનનીય રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ ભારતના પ્રમુખપદ હેઠળ જી-૨૦ સમિટની સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલ બેઠકોમાં વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડનાર વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતે મેળવેલ આર્થિક સિદ્ધિઓ તેમજ વૈશ્વિક સમસ્યાઓ અને પડકારોનો ઉકેલ લાવવામાં ભારતનો અવાજ મજબૂત બન્યો છે ત્યારે સમિટના સમાપન સમારોહમાં દિલ્હી ઘોષણાપત્રનો સર્વાનુમતે સ્વીકાર એ સમિટની સફળતાનો માપદંડ બની રહ્યો. ''એક ધરતી, એક પરિવાર, એક ભવિષ્ય''ની રૂપરેખા આપવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને શુભેચ્છાઓ સાથે હાર્દિક અભિનંદન આપતો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી (૨) શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પ્રવચન અધૂરું)

**૮. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**ટેબ્લેટથી રેકોર્ડિંગ કરવા અંગે**

સભ્યશ્રી અમીત ઠાકરે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સરકારી સંકલ્પ પર પ્રવચન કરી રહ્યા હતા ત્યારે સભ્યશ્રી શૈલેષ પરમાર સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનું પ્રવચન ટેબ્લેટથી રેકોર્ડિંગ કરી રહ્યા હોઈ તે બાબતનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ આવું રેકોર્ડિંગ ન કરવા અંગે જણાવ્યું.

**૯. માનનીય રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો સંકલ્પ(નિયમ-૧૨૦)(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમનું અધૂરું પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી ગણપતસિંહ વસાવા
(૪) શ્રીમતી મનીષા વકીલ
(૫) શ્રી પ્રવીણકુમાર માળી
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી અમૂલ ભટ્ટ
(૮) શ્રી કેશુભાઈ પટેલ

**૧૦. સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે.**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીનો સંકલ્પ પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામ સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક ડો.સી.જે.ચાવડાએ સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો વિરામ સમય લંબાવ્યો. ( બપોરના ૨-૧૫)

**૧૧. માનનીય રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો સંકલ્પ(નિયમ-૧૨૦)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**( વિરામ બપોરના ૨-૩૭થી ૩-૧૫ )**

**૧૨. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**૧૩. માનનીય અધ્યક્ષશ્રીની તાકીદ**

વિધેયક રજૂ થવાના સમયે સિનિયર અધિકારી હાજર ન હોવાથી વિધેયક રજૂ થાય ત્યારે જે તે વિભાગના સિનિયર અધિકારીને હાજર રહેવા માનનીય અધ્યક્ષશ્રીએ તાકીદ કરી.

**૧૪. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમીત ચાવડા
(૨) શ્રી સંદીપ દેસાઇ
(૩) શ્રી અરૂણસિંહ રણા
(૪) શ્રી બાબુભાઇ પટેલ
(૫) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૬) શ્રી કનૈયાલાલ કિશોરી

**૧૫. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણીએ તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (બપોરના ૪-૪૪)

**૧૬. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) ડો.કિરીટકુમાર ચી.પટેલ
(૮) શ્રી સંજયસિંહ મહીડા
(૯) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૦) શ્રી ઉમેશભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ અને ૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૬) શ્રી પી.સી. બરંડા
(૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

(૩) શ્રી ભગાભાઇ બારડ
(૪) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૫) શ્રી સુખાજી ઠાકોર
(૮) ડો. કિરીટકુમાર ચી.પટેલ
(૯) ડો.સી.જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

**૧૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ પ્રજામાં જાગૃતિ આવે તે હેતુથી પ્રાકૃતિક ખેતી અંગેના ધારાસભ્યશ્રીઓનાં પોઝિટિવ સૂચનોને યૂ-ટ્યૂબના માધ્યમથી પ્રજા સુધી પહોંચાડવાનું કામ તેમજ માહિતી ખાતું પણ આ અંગેનું પ્રસારણ કરે તેવી જાહેરાત કરી.

**૧૮. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા.૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭-૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.